મહત્તમ : ૨૭.૦ ડીગ્રી
લઘુતમ : ૧૩.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૯ ટકા ● સાંજે ૪૬ ટકા
ગાંધીનગર તાપમાન

જાણો 'ફર્સ્ટ ટાઈમ વૉટર્સ'ની 'મન કી બાત'

વિધાનસભાની ચૂંટણીઓમાં પ્રથમવાર મતદાન કરવા જઈ રહેલા 'ફ્રેશ' યુવા મતદારોના મતે સરકાર કેવી હોવી જોઈએ અને રાજ્યને વધુ બહેતર બનાવવા શેની અગત્યતા છે?

ગાંધીનગર, તા.૧૨

ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓના બીજા અને અંતિમ તબક્કાનું મતદાન તા.૧૪મી ડિસેમ્બરે યોજાવાનું છે. આ મતદાન પત્યા બાદ ગણતરીના દિવસોમાં ગુજરાતમાં કોણ સરકાર રચશે તેનો જનાદેશ પણ જાહેર થઈ જશે. આ જનાદેશમાં યુવા મતદારોની ભૂમિકા ખૂબ જ અગત્યની રહેશે. આમ પણ આ ચૂંટણીમાં યુવાનોનો દબદબો રહેવા પામ્યો છે. ભારત વિશ્વમાં સૌથી વધુ યુવા નાગરિકો ધરાવતો દશ છે અને માત્ર ૧૮ વર્ષની ઉંમરે યુવાનોને મતાધિકાર પ્રાપ્ત થાય છે. આ વખતની વિધાનસભાની ચૂંટણીમાં લાખો યુવાનો પ્રથમવાર મતદાન કરી રહ્યા છે ત્યારે આ 'ફર્સ્ટ ટાઈમ વૉટર્સ' રાજ્યમાં કેવી સરકાર રચાય તેવું ઈચ્છે છે અને તેમના મતે ગુજરાતને હજુ વધુ બહેતર બનાવવા કયા મુદ્દા અગત્યના છે તે જાણવા ગાંધીનગર સમાચારે પ્રયાસ કર્યો હતો. આ પ્રયાસ દરમિયાન પ્રાપ્ત થયેલા અસંખ્ય પ્રતિભાવોમાંથી કેટલાક સામાન્ય તારવી આ યુવાનોની 'મન કી બાત' અત્રે પ્રસ્તુત કરી રહ્યાં છીએ.

● ભાર્ગવ દવે

'હું ઈચ્છું છું કે ગુજરાતમાં ભ્રષ્ટાચાર મુકત અને અબાલવૃધ્ધ સૌ કોઈની સમસ્યાનું સમાધાન કરી શકે સાથે સમતોલ અને ટકાઉ વિકાસ સાધવાની દૃષ્ટિ ધરાવતી સરકાર ઝંખી રહ્યો છું, મારા મતે રાજ્યમાં સૌને પોષાય તેવું શિક્ષણ તથા રોજગારી વચ્ચેની સમતુલા જાળવી બેરોજગારીનો પ્રશ્ન તથા સાતત્યપૂર્ણ સ્વચ્છતા અને સૌને શોચાલયની સુવિધા સૌથી અગત્યના મુદ્દા છે.'

● પ્રિયંકા સથવારા

'રાજ્યમાં મહિલાઓ ખાસ કરીને યુવા વિદ્યાર્થીનીઓ માટે સુરક્ષિત વાતાવરણ આપી શકે તથા સરકારી કાર્યોમાં થતા વિલંબને દુર કરી શકે તેવી સરકાર હોવી જોઈએ. મારા મતે માત્ર ગુજરાત જ નહી દેશમાંથી રિશ્વતખોરી અને ભ્રષ્ટાચારને નાબૂદ કરવા અત્યંત જરૂરી છે કેમ કે લાંચ કોઈને પોતાની ખુશીથી નહી પરંતુ મજબુરીના કારણે આપવી પડે છે.'

● રાજદીપસિંહ બિહોલા

'સરકારમાં તો સામાન્યમાં સામાન્ય માનવીની સમસ્યાઓ ઉકેલવામાં રસ ધરાવતી હોય તેવી જ હોવી જોઈએ. આપણા રાજ્યને વધુ સારુ બનાવવા જેની તાતી જરૂરિયાત છે તમાં સસ્તુ શિક્ષણ, રોજગારની ગેરંટી, આરોગ્યની વધુ સારી સુવિધાઓ, મોંઘવારી પર નિયંત્રણ, ખેડૂતોની સમસ્યાઓનું સમાધાન અને નાગરિકોની સુરક્ષા વગેરે છે.'

● રિધ્ધિ પલાની

'મેં અનુભવ્યું છે કે કેટલાક પ્રજાના પ્રતિનિધિઓ સરકારની ગ્રાન્ટનો પુરે પુરો ઉપયોગ પણ કરતા નથી. ખરેખર તો સરકારમાંથી પ્રજાલક્ષી કાર્યો માટે ફાળવવામાં આવતી ગ્રાન્ટ નો તે કાર્યો માટ સંપૂર્ણ ઉપયોગ થવો જોઈએ તે આપણા રાજ્ય માટે હિતકારક રહેશે. મારા મતે સરકાર એવી હોવી જોઈએ જે ચૂંટણી સમયે પ્રજાને કરેલા તમામ વાયદા-વચનને પૂર્ણ કરે અને જે વાયદા પૂરા કરી શકતા હોય તેજ કરવા જોઈએ.'

● શિવહરે સત્યમ રાજકુમાર

'મતદારોના મતની કિંમત સમજે અને રોજગારી સાથે પાયાની સુવિધાઓ પુરી પાડી શકે તેમજ નાગરિકોની સમસ્યા ઉકેલવા સતત તત્પર હોય તેવી સરકાર બનવી જોઈએ. રાજ્યમાં આરક્ષણ, યુવાનોને રોજગારી સાથે વિકાસ એ સૌથી અગત્યના મુદ્દા મને લાગે છે.'

પરિકલ્પના અને સંકલન
- સમીર રામી

● વિશાખા રાજપૂત

'આપણો દેશ યુવાનોનો દેશ છે અને યુવાનો જ આ દેશનું ભાવિ છે ત્યારે રાજ્યમાં પણ યુવા ધનની ચિંતા કરતી સરકાર રચાવી જઈએ. મને લાગે છે કે આજનું યુવાધન ખૂબ પ્રતિભાશાળી છે અને તેની પ્રતિભાને અનુરૂપ રોજગારની તક અથવા લાયકાત મુજબની નોકરી સરળતાથી મળી રહે તે અત્યંત મહત્વની બાબત છે.'



● પાયલ મકવાણા

'આપણા રાજ્યમાં સબળ સરકાર બનવી જરુરી છે જે પ્રજાલક્ષી કાર્યો સારી રીતે કરી શકે. આપણું રાજ્ય આમ તો સારો વિકાસ કરી રહ્યું છે પરંતુ હજુ સરકારી ઉત્સવો કે અન્ય જાહોજલાલીમાં વપરાતા ખર્ચા ઓછા કરી શહેરી અને ગ્રામીણ વિસ્કારમાં રોડ-રસ્તા, સ્ટ્રીટ લાઈટસ વગેરેને વધુ બહેતર બનાવવા વપરાય તે જરુરી છે. સરકાર યુવાનોને પ્રેરણા પુરી પાડી શકે તેવી હોવી જોઈએ.'

● ટીના ચંચલાની



'જનતાના હિત અંગે વિચારતી સરકાર બને તેવું હું ઈચ્છી રહી છું. હજુ પણ રાજ્યમાં બાળ વિવાહ, દિકરીઓ પ્રત્યે ભેદભાવ જેવી બાબતો મહિલાઓને સહન કરવી પડે છે. વળી, રાજ્યમાં નાના બાળકોમાં તમાકુનું વ્યસન વધી રહ્યું છે તે ચિંતાજનક બાબત છે. રાજ્યમાં ફરજીયાત ધો-૧૦ સુધીના શિક્ષણનું ફરજિયાત પાલન થાય તે જરુરી લાગે છે.'

પિંપળજ પાસે રસ્તો ક્રોસ કરતા વૃધ્ધ દંપત્તિને અકસ્માત

રાત્રે બેફામ જતી એસેન્ટ કારની ટકકરે પતિ-પત્નિ બંનેનું ઘટના સ્થળે મૃત્યુ

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર નજીક આવેલા પિંપળજ ગામનું વૃધ્ધ દંપતિ ગઈ કાલે રાત્રે અમદાવાદથી પિંપળજ આવ્યું અને બસમાંથી ઉતરીને ઘરે જવા પતિ-પત્નિ બંને રસ્તો ઓળંગી રહ્યા હતા ત્યારે ધસમસતી આવતી એસેન્ટ કારે બંનેને જબરદસ્ત ટકકર મારતા ઘટનાસ્થળ પર જ બંનેનું કમકમાટીભર્યું મૃત્યુ નિપજયું હતું. પેથાપુર પોલિસે મૃતક દંપતિના દિકરાની ફરિયાદ આધારે ફરાર કારચાલક સામે ગુનો નોંધી તેની ધરપકડ માટે ચક્રો ગતિમાન કર્યા છે.

પિંપળજ ગામમાં રહેતા ૬૫ વર્ષીય ધનજીભાઈ પરમાર અને ૫૫ વર્ષીય તેમના પત્નિ કાન્તાબેન ધનજીભાઈ પરમાર ગઈ કાલે સવારે અમદાવાદ ગયા હતા. રાત્રે તેઓ અમદાવાદથી બસમાં પરત આવ્યા અને ૯ વાગ્યે પિંપળજ પાટીયે ઉતર્યા હતા. રસ્તો ઓળંગીને પિંપળજ ગામે પોતાના ઘર તરફ જઈ રહેલા પતિ-પત્નિને રોડ પર બેફામ ગતિએ આવી રહેલી એસેન્ટ કારે બંનેને અડફેટે લઈ લેતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જીજે-૧-આર.બી. ૨૧૯૯ નંબરની એસેન્ટ કારની અડફેટે પતિ-પત્નિનું ઘટનાસ્થળે જ કરૂણ મૃત્યુ નિપજયું હતું. આ ઘટના બાદ કાર મુકીને ડ્રાઈવર ફરાર થઈ ગયો હતો. પેથાપુર પોલિસે મૃતકના દિકરા વિરેન્દ્રભાઈ પરમારની ફરિયાદ આધારે ગુનો નોંધી ફરાર આરોપીની ધરપકડ માટે પીએસઆઈ પી.આર. રાવળે વધુ તપાસ શરુ કરી છે.

સોશ્યલ મિડિયા પર મતદાન જાગૃતિ થકી યુવા પેઢીની નૈતિકતાપૂર્ણ જવાબદારી

ગાંધીનગર, તા.૧૨

આ વખતની ગુજરાત રાજ્યની વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ સમગ્ર દેશભરમાં ખૂબ ચર્ચાસ્પદ અને ઉત્તેજના સભર બનવા પામી છે. ઐતિહાસિક ગણાતી આ ચૂંટણીને જીતવા માટે તમામ પક્ષો અને ઉમેદવારોએ એડીચોટીનું જોર લગાવી દીધું છે જેમાં તેઓ સામ, દામ, દંડ અને ભેદ એમ તમામ પાસાઓનો ઉપયોગ કરી રહ્યા છે. ભારે રસાકસીભરી બની રહેલ આ ચૂંટણીમાં મોટા ગજાના રાજકીય નેતાઓ પણ ઘણીવાર વિવેકભાન ચુકતા નજરે ચઢયા છે ત્યારે બીજી તરફ રાજ્યના મતદારો શાણપણ વાપરી તમામ ખેલ નિહાળી રહ્યા છે. ગાંધીનગરમાં પણ યુવા વર્ગ આ ચુંટણીઓમાં ભારે રસ લઈ રહ્યો છે એટલું નહી પરંતુ અનેક યુવાનો સોશ્યલ મિડિયા થકી મતદાન જાગૃતિના સંદેશ વહેતા કરી રાજકીય નેતાઓની સરખામણીએ વધુ જવાબદારીપૂર્વક વર્તન દાખવી રહ્યા છે જે પ્રસંશનીય છે.

રાજ્યમાં અનેક ઠેકાણે મતદાનના બહિષ્કાર કરવાના સમાચારો પ્રાપ્ત થઈ રહ્યા છે તેવા માહોલમાં ગાંધીનગરના યુવાનો દ્વારા એક સાચા નાગરિક ધર્મને નિભાવતા માનસના દર્શન કરાવાઈ રહ્યા છે. ગાંધીનગરના યુવાનો ફેસબુક, વ્હોટસએપ, હાઈક, ઈન્સ્ટાગ્રામ તથા ટવીટર સહિતના સોશ્યલ મિડિયાનો બ્હોળો વપરાશ કરે છે. આમ તો સોશ્યલ મિડિયામાં યુવા પેઢી સમય બરબાદ કરતી હોય તો આક્ષેપો ઘણા કરવામાં આવે છે પરંતુ શહેરના અનેક યુવાનોએ રાજકીય નેતાઓના બેહુદા અને અશોભનીય વર્તન સામે પણ જવાબદારીપૂર્ણ રીતે મતદાન કરવાની ફરજ નિભાવવાની અપીલ કરતા વિડિયો તથા મેસેજીસ સતત ફરતા કરી આ યુવા પેઢીને વખોડનારાઓને સણસણતો જવાબ આપ્યો છે.

સત્તા પામવા અશોભનીય કક્ષાએ જતા રાજકારણીઓ અને સોશ્યલ મિડિયાના ઉપયોગ માટે યુવા પેઢીને ભાંડનારાઓને શહેરના યુવાનોનો શાણો જવાબ : યુવાનોએ મતદાન જાગૃતિ માટે અનેક વિડિયો તથા મેસેજીસ પોસ્ટ કર્યા

ગાંધીનગરના અનેક યુવાનો તથા યુવા સંસ્થાએ મતદાર જાગૃતિ માટે સોશ્યલ મિડિયા પર પોતાના વિડિયોઝ, મેસેજીસ વગેરે સતત પોસ્ટ કરવા ઉપરાંત મતદાન જાગૃતિ અંગેના કાર્યક્રમો જેવા કે મતદાન જાગૃતિ રેલી, વકતૃત્વ સ્પર્ધા, નિબંધ લેખન, ચિત્ર સ્પર્ધા વગરેના આયોજન હાથ ધર્યા હતા. હવે જયારે મતદાન આડે ગણતરીના કલાકો બાકી છે ત્યારે શહેરની યુવા પેઢીએ જેના માટે તેમને બદનામ કરવામાં આવે છે તે સોશ્યલ મિડિયાના સશકત માધ્યમ થકી તેમની નૈતિકતા દાખવી છે જે ખરા અર્થમાં પ્રસંશાને પાત્ર છે.

વાતવાતમાં

● ગાંધીનગરમાં ચૂંટણીઓના પ્રચાર કાર્યમાં ટેકનોલોજીનો પણ ઉમેદવારોએ ઉપયોગ કર્યો હતો. જેમાં મોબાઈલ મેસેજીસ થકી માસ પ્રચારને દરેક પાર્ટીએ પ્રાધાન્ય આપ્યું હતું. જો કે આ પ્રચારમાં ઘણા છબરડા જોવા મળ્યા હતા જેમ કે કેટલાક ઉત્તર વિધાનસભા વિસ્તારના મતદાતાને દક્ષિણ બેઠકના ઉમેદવારને મત આપવાની અપીલ કરતા મળતા હતા.

● શહેરના મધ્યભાગમાં 'ઘ' માર્ગ પર ઘ-૪ થી ઘ-૫ વચ્ચેના વિસ્તારમાં એક કાર સવારના સુમારે જ ડિવાઈડર સાથે ભટકાઈ હતી. આ અકસ્માતમાં સદભાગ્યે કોઈને ઈજા નહોતી પહોંચી પરંતુ કારને સારું એવું નુકશાન થવા પામ્યું હતું.

● પ્રચારના અંતિમ દિવસે મોટા ભાગના રાજકીય પક્ષોએ રોડ શૉ અને રેલીનું આયોજન કર્યું હતું. રોડ શૉ તથા રેલીઓના કારણે શહેરના માર્ગો પર અનેક ઠેકાણે ટ્રાફિક જામના દેશ્યો સર્જાયા હતા.

વિકાસ અને રાષ્ટ્રવાદને મતદારો સમર્થન આપે : યોગી આદિત્યનાથ

ગુજરાતનો વિકાસ દેશ દુનિયાએ સ્વીકાર્યો છે : યોગી આદિત્યનાથે કોંગ્રેસ પર જાતિવાદ અને વિકાસના મામલે આકરા પ્રહારો કર્યા

ગાંધીનગર તા ૧૨

રાહુલ ગાંધી અધ્યક્ષ બન્યા એટલે ગાંધીજીનુ દેશને કોંગ્રેસ મુકત કરવાનુ સ્વપ્ન પુરુ થશે. સે-૬ ખાતે યોજાયેલી જાહેરસભામાં ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી

આદિત્યનાથે કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા હતા. લોકતંત્રના ચુંટણી પર્વમાં બધાનુ ભવિષ્ય સમાયેલુ છે. માટે સારા ખરાબનુ ધ્યાન રાખી તેમણે ભાજપને જંગી બહુમતથી વિજયી બનાવવા માટે હાકલ કરી હતી.

ગાંધીનગર ઉત્તરના ઉમેદવાર અશોક પટેલને વિજયી બનાવવા માટે સે-૬ ના મેદાન ખાતે ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે જાહેરસભાને સંબોધી હતી. આ દરમિયાન તેમણે કોંગ્રેસ પર તીખા પ્રહારો કરતા જણાંવ્યુ હતુ કે લોકતંત્રનુ આ પર્વ આપણા બધાના ભવિષ્યને બનાવે છે. માટે સારા ખરાબનુ ધ્યાન રાખવુ અનિવાર્ય છે. પુરા દેશનુ કેન્દ્ર બિન્દુ ગુજરાતની ચુંટણી છે. રાહુલ ગાંધી અધ્યક્ષ બન્યા એટલે બાપુનુ દેશને કોંગ્રેસ મુકત બનાવાનુ સ્વપ્ન સાકાર થશે.રાહુલ ગાંધી દરેક મંદિરોમાં જાય છે. તો અમેઠીની બાજુમાં અયોધ્યામાં કેમ જતા નથી. સચ્ચાઈ સ્વીકારવાની હીંમત કોંગ્રેસમાં નથી કાંગ્રેસ વિભાજન કરવાની નિતી અપનાવે છે. નરેન્દ્ર માદીની આગેવાનીમાં આજે ઉત્તર પ્રદેશ જાતિવાદમાંથી ઉગરી ગયો છે. તમને વિશ્વાસ સાથે કહુ છુ કે ઉત્તર પ્રદેશ પણ ગુજરાતની પેટર્ન પર વિકાસની કેડી કંડારી રહયુ છે. દુનિયાના સૌથી મોટી તાકાત ગણાંતા અમેરિકાની ચુંટણીમાં પણ પ્રધાનમંત્રી નરેન્દ્ર માદી કેન્દ્રબિંદુ બન્યા હતા.અમેરિકા પણ ભારતના વડાપ્રધાનની જેમ વિકાસ કરવાની વાતો કરે છે. આ સન્માન ભારતની ૧૨૫ કરોડ જનતાનુ સન્માન છે. ગુજરાતે દેશને ઘણુ બધુ આપ્યુ છે. હિમાચલ અને ઉત્તર પ્રદેશમાં કોંગ્રેસ જીરોની સ્થિતિમાં છે. ગુજરાતમાં પણ આમ જ થાય તો તમારી ઘણી કૃપા હશે.કોંગ્રેસના નેતા પાકીસ્તાની આતંકવાદી સંગઠનોના સમર્થક બન્યા છે. ઉત્તર પ્રદેશમાં અગાઉ મહીનો કરફયુ રહેતો હતો. આજે ભાજપ સરકારને નવ મહીના થયા એક પણ તોફાન થયુ નથી. અપરાધ મુક્ત ઉત્તર પ્રદેશ બન્યુ છે. કોંગ્રેસના શાસનમાં અગાઉ વડોદરામાં ૩૨૦ દિવસ કરફયુ રહયો હતો.જયારે ગુજરાતમાં પણ વર્ષ ૨૦૦૦માં શરૂઆત થઈ હતુ. આજે ગુજરાતમાં તોફાન થતુ નથી. અપરાધ અને માફિયાઓ માથુ ઉંચકતા નથી પરંતુ માત્ર વિકાસની વાતો થાય છે જેમાં દરેક નાગરિક હિસ્સો બને છે. આ બધુ નરેન્દ્ર મોદીના લીધે થાય છે. વિકાસ અને રાષ્ટ્રવાદને મતદારો સમર્થન આપે તેવી અપીલ પણ તેમણે કરી હતી. જયારે ગાંધીનગર ઉત્તરના ઉમેદવાર અશોક પટેલને ભવ્ય વિજય અપાવવા માટે પણ અપીલ કરી હતી.

જિલ્લાના નાગરિકો અવશ્ય મતદાન કરે : જાગૃત પરિષદ

ગાંધીનગર, તા.૧૨

આગામી તારીખ ૧૪ ડિસેમ્બરના રોજ ગાંધીનગર જિલ્લાની ૫ બેઠકો માટે મતદાન કરવામાં આવશે. ગાંધીનગરની જાગૃત નાગરિક પરિષદના પ્રમુખ જ્યોતિન્દ્ર દવેએ નાગરિકોને અવશ્ય મતદાન કરવા માટે અપીલ કરી છે. તેમણે કહ્યું હતું કે, લોકશાહીના અધિકાર આપણને ત્યારે પ્રાપ્ત થાય છે જ્યારે આપણે ચૂંટણીમાં અવશ્ય મતદાન કરીએ છીએ. ચૂંટણી પંચ દ્વારા મતદાર નાગરિકોને ફોટો મતદાર કાપલી પહોંચાડવામાં આવી રહી છે. ગાંધીનગર શહેરમાં ચૂંટણી તા.૧૪ ડિસેમ્બરના રોજ સવારે ૮ થી ૫ વાગ્યા દરમિયાન યોજાનાર છે. ત્યારે સમય દરમિયાન શહેરના તમામ નાગરિકો થોડો સમય કાઢીને લોકશાહીમાં પોતાનું યોગદાન આપવું જોઈએ તેવી અપીલ જાગૃત નાગરિક પરિષદે કરી છે.

દક્ષિણના ઉમેદવાર શંભુજી ઠાકોરને બહુમત અપાવવા માટે ભવ્ય બાઈક રેલી યોજાઈ

ગાંધીનગર તા ૧૨

ગાંધીનર દક્ષિણની બેઠકને અનુલક્ષીને પણ ભાજપના શંભુજી ઠાકોરને જીતાડવા માટે આજે ભવ્ય બાઈક રેલીનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. ૨૫૦ જેટલા બાઈક ચાલકો રેલીમાં જોડાયા હતા. દક્ષિણ મત વિસ્તારના ધરમપુર, દશેલા, સહીતના તમામ ગામોમાંથી પસાર થઈ હતી. આ દરમિયાન મોટી સંખ્યામાં જોડાયેલા ભાજપના કાર્યકરોએ દક્ષિણના ઉમેદવાર શંભુજી ઠાકોરને વિજયી બનાવા માટે ગ્રામજનોને અપીલ કરી હતી.

વિધાનસભાની ચુંટણીને અનુલક્ષી ૧૪ મી એ મતદાનની પ્રક્રીયા હાથ ધરવામાં આવનાર છે. જયારે આજે પ્રચાર ઝુંબેશના આખરી દિવસે ઉમેદવારો આખો દિવસ સેકટરો અને ગામડાઓ ખુંદતા નજરે પડયા હતા. શહેરમાં અને ગ્રામ્ય વિસ્તારમાં રોડ શો અને બાઈક રેલીના માધ્યમથી પ્રચાર ઝુંબેશને વેગ આપવામાં આવ્યો હતો. ભાજપના દક્ષિણના ઉમેદવારને અનુલક્ષીને પણ યુવા મોરચા દ્વારા ચિલોડાથી બાઈક રેલી યોજવામાં આવી હતી. જેમાં ૨૫૦ જેટલા બાઈકચાલકો અને ૪૦ જેટલી કાર્સ રેલીમાં જોડાઈ હતી.મોટી સંખ્યામાં કાર્યકરો જોડાયા હતા. આ દરમિયાન ભાજપના ઉમેદવાર શંભુજી ઠાકોરને જંગી બહુમતથી વિજયી બનાવવા માટે કાર્યકરોએ અપીલ કરી હતી. ભાજપના અગ્રણી આઈ બી વાઘેલાએ પણ પ્રચાર ઝુંબેશ દરમિયાન સ્થાનિક ગ્રામજનોને ભાજપની તરફે મતદાન કરવા માટે અપીલ કરી હતી.

કોલવડા ખાતે સુંદરકાંડ પાઠનું આયોજન

ગાંધીનગર, તા. ૧૨

કોલવડાના ગોરા હનુમાનજી મંદિર ખાતે તા. ૧૫-૧૨-૨૦૧૭ને શુક્રવારના રોજ શ્રી શ્રી ૧૦૮ પ.પૂ. દ્વારકાદાસજીબાપુની તિથિ નિમિત્તે મહંતશ્રી રામબાલકદાસજી બાપુ દ્વારા સુંદરકાંડ પાઠનું આયોજન કરવામાં આવ્યું છે. સુંદરકાંડ પાઠનો સમય સાંજે ૮.૦૦ કલાકે રાખેલ છે. જયારે બપોરે ૧૨ કલાકે ભકતોને પ્રસાદી અપાશે. આ દિવસે ધર્મપ્રેમી જનતાને દર્શનનો લાભ લેવા માટે આમંત્રણ છે.

ચિરવિદાય

- સ્વ. લુહાર લવજીભાઈ મોહનભાઈ, ઉ.વ. ૫૫
- સ્વ. જોસનાબેન મફાજી ઠાકોર, ઉ.વ. ૬૧
- સ્વ. રમેશભાઈ ચીમનલાલ પટેલ, ઉ.વ. ૫૩